# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

ભાંગી નાખ્યું ભારત એકતાના ચૂરેચૂરા છે,
ને નેતાઓના હાથમાં પ્રાદેસિકતાના છૂરા છે
શૂરા છે મત માટે, દેશનું નખ્ખોદ કાઢવા -
જાતિ-ધર્મ-પ્રદેશમાં દેશનાં હાલ બૂરા છે
(પ્રજામાં અવિશ્વાસની અફવા)

## હાઇકુ

નેતા ત્રવાડી,
રાજ્યની વાડીમાંથી
વ્હેંચે રીંગણાં..
(ચૂંટણી પછી બધું મફત!)

સાચા અર્થમાં,
મોંઘવારી દુકાળે
આવ્યો 'અધિક'
(કરો અપવાસને એકટાણાં)

## ચિંતન

ચત્વારો ધનદાયાહા ધર્માગ્નિનૃપ તસ્કરાઃ ।
તેષાં જયેષ્ઠા વમાનેન ત્રયઃ કુપ્યન્તિ બાંધવાઃ ॥

'ધર્મ, અગ્નિ, રાજા અને ચોર આ ચાર જણા આપણા ધનના હકથી ભાગીદાર છે તેમાં પણ જે સૌથી મોટો ભાઇ છે (ધર્મ), તેની જો અવગણના કરવામાં આવે તો બાકીનાં ત્રણે ભાઇઓ વધારે ગુસ્સે થઇ જાય છે અને આપણને પરેશાન પણ કરે છે.'

આપણને હકથી, પૈસાભરી જમીન-પ્લોટ ખરીદ્યા હોય, પરિશ્રમથી મકાન બનાવ્યું હોય અને છતાં ય 'રાજા' મિલ્કતવેરો, સફાઇવેરા, શિક્ષણ ઉપકર આ બધું હક્કથી કાયદાથી ઉઘરાવે જ છે ને? રાજા આપણા ધનનો ભાગીદાર છે.

અગ્નિને પણ પ્રાચીનકાળમાં યજ્ઞનો ધન-અનાજ-ઘી જેવાં દ્રવ્ય આપી પર્યાવરણ સાચવવા માટે તેનો હક્કનો ભાગ આપવા 'યજ્ઞો' કરવામાં આવતા હતા.

નાના ગરીબ, ઘરના કામકાજ કરતા નોકર-ચાકર પણ 'હકથી' આપણા ઘરની વસ્તુ-ભોજન-માગીને કે હક્કથી ઉઠાવી લઇ જઇને પોતાનો ભાગ વસૂલે છે.

આવકમાંથી દસાંસ ધર્મ માટે ખર્ચવો જ જોઇએ, દાન-પુણ્ય કરવાં જોઇએ જો ધર્મનું પાલન ન થાય તો બાકીના ત્રણે દ્વારા આપત્તિઓ આવે છે એ કુદરતી અને સામાન્ય છે.

## સુવિચાર

- કૂકડો તો એમ જ માને છે કે સૂર્ય મારી બાંગથી જ ઉગે છે - **ઇલિયટ**
- પ્રેમ પ્રાપ્તિનું સૌથી સરળ સાધન છે સેવા, સેવા કરતાં કરતાં આપોઆપ પ્રેમની પ્રાપ્તિ થાય છે - **ટાગોર**
- શેતાન સૌથી મોટા આળશુઓમાંથી જ પોતાનો શિષ્ય પસંદ કરે છે- **ફેરેન્ડન**
- ચિંતા એ માનવજીવનનું ઝેર છે, અનેક પાપોની અને દુઃખોની જનની છે - **બ્લેર**
- પ્રેમ-કરૂણા એવી ભાષા છે કે આંધળા પણ વાંચી શકે અને બહેરા પણ સાંભળી શકે છે - **માર્ક ટ્વેન**
- બાળકના બૌધ્ધિક તેમજ કાલ્પનિક જીવનનો પાયો તેની માતૃભાષા જ છે - **નવલભાઇ શાહ**
- હાથી જયારે મુશ્કેલીમાં હોય ત્યારે તેને દેડકો પણ લાત મારી જાય છે- **ચુચિકુ**

## બોધ કથા

આપણી કોર્ટો-કાયદા, ન્યાય અને ન્યાયાધીશો પણ હવે 'ચર્ચા'માં રહે છે જ. લોકોનો વિશ્વાસ ડગમગવા લાગ્યો છે કાયદાની દેવીએ ખરેખર આંખ મિંચામણાં કરવા આંખે પાટા બાંધી લીધા લાગે છે. ત્રાજવાનું પલ્લું 'પૈસા'ના ભાર પ્રમાણે નમતું લાગે છે! બંગાળનાં ક્રાંતિકારી, સ્પષ્ટવક્તા મુખ્યમંત્રીએ જાહેરમાં 'ન્યાય'ની વિશ્વસનીયતા માટે શંકા વ્યક્ત કરી એ શું ઓછું મહત્ત્વનું છે?

રાજપાલ તિવારી, કાંડા, દિલ્હીના નઠારાં ડો. દંપત્તિ (જેણે પુત્રીનું જ ખૂન કર્યું) વર્ષોથી કોર્ટના આટાપાટામાં બહાર સહિસલામત છે જ ને! કનીમોજી-રાજા-લાલુ-મુલાયમને પૂછે છે કોણ? આ લખનાર પર અઢાર વર્ષ પહેલાં એક કેસ થયો છે, હજી તો 'પંચ'નો અત્તોપત્તો જ મળતો નથી. કેસ કોણ જાણે ક્યારે પૂરો થશે? નીતિમત્તાથી કરેલી નોકરીનું 'પેન્શન' તો ભૂલી જ જવાનું ને?

એક માલધારીની બે ભેંસ ને એક પાડો ચોર લઇ ગયા. રસ્તામાં કાલિમાતાની દેરી આવી, ચોરે કહ્યું, હું પકડાઇ નહીં તો મા, તને પાડાનો 'બલિ' ચઢાવીશ..

માલિક પગેરૂં લઇ ભેંસો-પાડાને શોધવા નીકળ્યો, રસ્તામાં એક જ કાલિમાતાની દેરી આવી, માલધારી કહે, માં ભેંસો મળશે તો પાડાનો તને બલિ ચઢાવીશ.. આપણી કોર્ટોમાં નિર્દોષ 'પાડા' જ વધેરાય છે. ન્યાયાધીશ ત્રણ પ્રકારના છે. શાસનને વફાદાર, પોતાની સ્વીકૃત સિધ્ધાંતને વફાદાર, અને બંધારણને વફાદાર.. અપણે ત્યાં પહેલાં બે પ્રકારના ઘણા છે.

# પુખ્ય વ્હેલ એક દિવસમાં ૪૦૦૦ થી ૮૦૦૦ કિલો ક્રીલ, નાની માછલીઓ, શ્રીમ્પ વગેરે ખાય છે, તેને રોજની ૧૫ લાખ કિલો કેલેરીની જરૂર પડે છે, બ્લ્યુ વ્હેલની જીભ ૨૭૦૦ કિલો એટલે કે એક હાથી જેટલી વજનની હોય

## વન્યસૃષ્ટિ પરિચય
### મહાકાય જીવ - બ્લ્યુ વ્હેલ
- હેમંત સુથાર

જમીન પરનું વિશાળકાળ પ્રાણી હાથી છે અને પૃથ્વી પરનું વિશાળકાય પ્રાણી બ્લ્યુ વ્હેલ છે અને પૃથ્વી પરનું વિશાળકાળ પ્રાણી બ્લ્યુ વ્હેલ છે તે આપણે સહુ જાણીએ છીએ. પૃથ્વી પર જીવોની ઉત્પત્તિથી લઇને આજદિન સુધીનો ૩.૮ અબજ વર્ષનો ઇતિહાસ છે. તેમાં વિશાળકદનાં પ્રાણીનું સ્થાન અન્ય કોઇ જીવ લઇ શક્યું નથી.

બ્લ્યુ વ્હેલ ફેફ્સાંથી શ્વાસ લેતું, બચ્ચાંને જન્મ આપતું, આખા શરીર પર ફક્ત હોઠ પાસે થોડાં ઘણાં વાળ ધરાવતું અને ગરમ લોહીવાળું સસ્તન પ્રાણી છે. ઘણાં વ્હેલને માછળી સમજે છે. પણ તે સસ્તન પ્રાણી છે. એવું મનાય છે કે જમીન પર ઉત્પત્તિ પામેલ સસ્તન પ્રાણીઓ દરિયા પાણીમાં ગયા અને ઉત્ક્રાંતિ પામીને દરિયાઇ સસ્તનો તરીકે વિકસિત થયા. તે પૈકીનું બ્લ્યુ વ્હેલ એક છે.

આટલા વિશાળ કદનું પ્રાણી જમીન પર પર હરીફરીને, શિકાર કરીને સહેલાઇથી જીવી શકે નહીં તેથી જ તે કુદરતી રીતે પૃથ્વી પર ૭૦ % વ્યાપ ધરાવતાં દરિયાઇ જળમાં તે વાસ કરે છે. અહીંયા તેના ટનબંધ વજન સાથે પાણીમાં તે સરળતાથી તરીને સ્થળાંતર કરી અને ભરપેટ ટનબંધ ખોરાક પ્રાપ્ત કરી શકે છે.



બ્લ્યુ વ્હેલનું હિન્દીમાં નામ હટ અને રઘવા છે. કેટલાક તેને 'મગરમચ્છ' કહે છે, પરંતુ તે નથી મગર કુળનું કે માછલી વર્ગનું. સસ્તન સમુદાયના તિમિંગલ ( ) શ્રેણીમાં વ્હેલ વર્ગીકૃત થયેલ છે. બ્લ્યુ વ્હેલની ત્રણ પેટા જાતિઓ છે. જેમાં ઉત્તરીય, દક્ષીણી અને પીગ્મી એમ ત્રણ બ્લ્યુ વ્હેલ સમગ્ર વિશ્વના દરિયાઓમાં ભ્રમણ કરતી જોવા મળે છે. નામ પ્રમાણે પીગ્મી બ્લ્યુ વ્હેલ કદમાં અન્યથી નાની છે. બાકીની બે બ્લ્યુ વ્હેલમાં, નર, માદા, અપુખ્ત અને બચ્ચાંઓનાં દેખાવ, વજન, કદમાં સામાન્ય તફાવતો નજરે પડે છે.

જુદા જુદા રેકોર્ડ પ્રમાણે બ્લ્યુ વ્હેલની લંબાઇ ૨૦ થી ૨૭ મીટર/૮૦ થી ૧૦૫ ફૂટ અને વજન ૧૫૦ થી ૨૦૦ ટન એટલે કે ૧૫૦૦૦ કિલોથી લઇને ૨૦,૦૦૦ કિલો દર્શાવવામાં આવે છે. વધુમાં વધુ ૨૦,૯૦૦ કિલો વજનની ૧૧૦ ફૂટ લંબાઇ ધરાવતી માદા બ્લ્યુ વ્હેલ નોંધાયેલી છે.

પુખ્ત માદા બ્લ્યુ વ્હેલ દર બીજા કે ત્રીજા વર્ષે બચ્ચાંને ૧૦ થી ૧૨ મહિના/અંદાજે એક વર્ષ ગર્ભમાં/પેટમાં રાખીને જન્મ આપે છે. જન્મ સમયે બ્લ્યુ વ્હેલના બચ્ચાનું પુખ્ય હિપોપોટેમસ્ જેટલું ૨૭૦૦ થી ૩૦૦૦ કિલો જેટલું હોય છે અને તેની લંબાઇ ૮ મીટર/ ૨૫ ફૂટ જેટલી હોય છે. આ બચ્ચાનું વજન રોજનું ૯૦ કિલો જેટલું વધે છે. આ હિસાબે દર કલાકે તેનું ૩ થી ૪ કિલો વજન વધે છે.

બ્લ્યુ વ્હેલનું બચ્ચું ૮ મહિનામાં ૫૦ ફૂટની લંબાઇ અને અંદાજ ૫૦,૦૦૦ પાઉન્ડ/ ૧૧,૦૦૦ કિલો વજનનું થાય છે. બચ્ચું ૩૦૦ થી ૪૦૦ લીટર દૂધ પીવે છે.

પુખ્ય વ્હેલ એક દિવસમાં ૪૦૦૦ થી ૮૦૦૦ કિલો ક્રીલ, નાની માછલીઓ, શ્રીમ્પ વગેરે ખાય છે. તેને રોજની ૧૫ લાખ કિલો કેલેરીની જરૂર પડે છે. બ્લ્યુ વ્હેલી જીભ ૨૭૦૦ કિલો એટલે કે એક હાથી જેટલી વજનની હોય છે. વ્હેલ તેનું મોઢું ખોલીને ૯,૦૦૦ કિલો પાણી અને ખોરાક અંદર લઇ શકે છે. તેમાંથી તેના ઉપરના જડબા સાથે જોડાયેલં જાળીદાર દાંત (બ્લીન) ની મદદથી તે વધારાનું પાણી ગાળીને મોઢામાંથી બહાર કાઢે છે અને પાણીમાં રહેલા દરિયાઇ જીવો રૂપી ખોરાક ગળી જાય છે. બ્લ્યુ વ્હેલના હૃદયનું વજન બધા જ પ્રાણીઓમાં સહુથી વજનદાર એવું ૬૦૦ કિલોનું છે.

સામાન્ય રીતે પ્રતિ કલાકે ૮ કિલોમીટરની ઝડપે તરતી વ્હેલ જરૂર જણાયે ૩૨ કિલોમીટરની ઝડપે પણ તરી શકે છે. ખોરાક મેળવવા માટે તે ૪૯૦૦ ફૂટથી લઇને ૯૮૦૦ ફૂટની ઊંડાઇએ જતી હોય છે. પાણીમાં ડુબકી મારીને તે ૧૦ થી ૨૦ મીનીટ સુધી રહી શકે છે. એક નોંધ પ્રમાણે ૩૬ મીનીટ સુધી પાણીમાં રહ્યાનો રેકોર્ડ પણ નોંધાયેલો છે. ૨ ડિગ્રીથી ઓછા તાપમાન વાળા ઠંડા પાણીમાં પણ ફરતી જોવા મળે છે.

બ્લ્યુ વ્હેલ ૧૦ થી ૪૦ હર્ટઝની તરંગ લંબાઇના ૧૫૫ થી ૧૮૮ ડેસીબલની ક્ષમતાવાળો અવાજ પેદા કરી શકે છે. જે ૮૪૮ કિલોમીટર જેટલાં અંતર સુધી સંભળાઇ શકે છે. આ રીતે તે સહુથી મોટો અવાજ કરતો પૃથ્વી પરનો જીવ ગણાય છે.

રોબર્ટ શીબાલ્ડસૂ નામના જીવ શાસ્ત્રીએ ૧૯૬૪માં બ્લ્યુ વ્હેલની વિગતોનું સહુપ્રથમ વર્ણન કર્યું છે. વર્ષ ૧૯૦૦ થી ૧૯૬૦ ના ગાળામાં ૩,૬૦,૦૦૦ થી વધુ બ્લ્યુ વ્હેલની કત્લ થઇ. વર્ષ ૧૯૬૬માં ઇન્ટરનેશનલ વ્હેલીંગ કમિશન દ્વારા તેના શિકાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. આજે પૃથ્વી પર ફક્ત ૬૦૦૦ થી ૧૪૦૦૦ બ્લ્યુ વ્હેલ બચી હોવાનું મનાય છે. આ જીવને ખોરાક ન મળવાને કારણે અને દરિયાના પ્રદૂષિત પાણીને કારણે તેનું અસ્તિત્વ ભયમાં મુકાયેલ છે.

કુદરતે આપેલ વિશિષ્ટ જીવોરૂપી અમૂલ્ય ખજાનાઓની કિંમત સમજ્યા વગર આપણે માનવો આપણી મનમાની કરીને સોનાને બદલે કથીર અને હીરાને બદલે પથ્થરો ભેગા કરી રહ્યાં છીએ.

- hmtsuthar@gmail.com

# રંગમંચથી પ્રજામંચ સુધીની શાનદાર અને રોમાંચક સફર વાત છે : એક ચરિત્ર અભિનેત્રી રોમા માણેકની

## સિધ્ધિ યાત્રા
- જનક પટેલ

ધીરે ધીરે ગુજરાતી ફિલ્મોનું વર્ચસ્વ ઘટવા માંડ્યું છે. જો કે, એની પાછળ ઘણા બધા બૈજિક અને આર્થિક કારણો જવાબદાર છે. પણ નવાઈની વાત એ છે કે આટલી બધી ફિલ્મી હરિફાઈ વચ્ચે પણ હમણાં રજૂ થયેલી 'કેવી રીતે જઈશ' માતૃભાષી ફિલ્મે દોમદોમ શુભેચ્છાઓ મેળવી છે. નાના બજેટની ફિલ્મ - ઓછા જાણીતા કલાકારોના શાનદાર અભિનય અને પાટીદાર સમાજ પર આધારીત વાર્તા ગુજ્જુ પ્રજાને અમદાવાદના બૉલીવુડ લક્ષી મલ્ટિપ્લેક્સમાં ખેંચી લાવે તે વાત અદ્ભૂત જ કહેવાય. ત્યારે યાદ આવી જાય છે આજથી બાર વર્ષ પહેલાંનો એક સમય : ગમ્મર ગમ્મર... મારું વલોણું ગાજે... ને શ્યામ આવી મારી મટુકી ફોડે અને કેરીના આંબાની ડાળીઓ સાથે રાસ રમતી રોમા માણેક સાથે હિતેનકુમારનો અભિનયને વિસરી શકાય તેમ નથી. હું વાત કરું છું ''દેશ રે જોયા દાદા પરદેશ જોયા'' ફિલ્મની જેને અઢળક સફળતા મેળવી હતી. મહેસાણાના વિજાપુર તાલુકાના એક થિયેટરમાં તે ફિલ્મ આઠ મહિનાથી પણ વધુ ચાલી હતી. તે ચલચિત્રમાં સામાન્ય વર્ગના માનવીને સ્પર્શતી પટકથાની સાથે - સાથે શહેરી રૂપસુંદરી અભિનેત્રી રોમા માણેકનો અભિનય બેનમૂન હતો. બસ, તે દિવસથી રોમાજીએ ગુજરાતી પ્રજાના હૃદયમાં એક ચરિત્ર અભિનેત્રીનું સ્થાન મેળવી લીધું હતું. હાલ પણ ગુજરાતી પ્રજા રોમાજીનો આદર અને સન્માન કરે છે. હું અહીં રોમાજીના જીવનની કેટલીક અંતરંગ વાતો રજૂ કરું છું.



રોમા માણેકનો જન્મ ભારતની રાજધાની દિલ્હીમાં ૧૦ માર્ચે થયો હતો. એમનું પ્રાથમિક શિક્ષણ દિલ્હીમાં પૂર્ણ થયેલું. ત્યારબાદ સંજોગાવશાત્ કેટલીક ક્ષણો દિલ્હીની ગલીઓમાં વિતેલી. બચપનથી જ રોમાજી અભિનય પ્રત્યે રસ દાખવતાં હતા અને શાળાકીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં અભિનય લક્ષી સ્પર્ધામાં હંમેશાં અવલ્લ રહેતાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રતિકૂળ સંજોગોમાં પણ ધ્યેય પ્રાપ્તિ માટેનો આત્મવિશ્વાસ અને અથાગ પ્રયત્ન સફળતા અપાવે છ

## હથોડી અને ટાંકણું
- હર્ષદરાય ઉપાધ્યાય

### પ્રત્યેક માણસ પોતાનો જ ભાગ્યવિધાતા છે

સફળતા આપનાર સર્વગુણોમાં સ્વાવલંબન એ ઉત્તમમાં ઉત્તમ ગુણ છે. સામાન્ય રીતે ઘણા માણસો પોતાનો વિકાસ પંથ બીજા કંડારી આપે તેવી અપેક્ષા રાખતા હોય છે. પોતાનાં સામાન્યથી માંડી મહત્ત્વનાં કામો અન્યને ભરોસે છોડનારા જાજું કશું પ્રાપ્ત કરી શકતા નથી. ઈશ્વર કદી પક્ષીના માળામાં કે પશુની બોડમાં ખોરાક મૂકી જતો નથી. લોવેલ કહે છે કે, 'મારૂં કાર્ય બીજા માણસો નક્કી કરી આપશે એવી રાહ જોનારા પોતાનો સંદેશો પહોંચાડ્યા વિના જ મરણ પામશે.'

આપણામાં અખૂટ શક્તિઓ ભરેલી છે. કમી છે માત્ર આપણા ઉપર આપણા આત્મવિશ્વાસની. દુનિયા બધું જ જુએ છે. અને સમજે છે આથી જ યોગ્ય પ્રયત્નને તે સ્વીકારે છે. પ્રતિકૂળ સંજોગોમાં પણ ધ્યેય પ્રાપ્તિ માટેનો આત્મવિશ્વાસ અને અથાક પ્રયત્ન સફળતા અપાવે છે.

આપણે આપણા સંતાનોને વિપુલ ધન સંપત્તિ વારસામાં ન આપી શકીએ તો કદાચ વાંધો નથી. પરંતુ સાચી કેળવણી અને સંપત્તિ મેળવવા માટેના પ્રયત્નોની પ્રબળ ઈચ્છા શક્તિ તે અત્યંત જરૂરી છે. ચોક્કસતા, નિયમબદ્ધતા, ચપળતા,ધૈર્ય, કાર્યકુશળતા, પ્રમાણિકતા, નમ્રતા અને સત્ય રૂપી મૂડીના તેમને વારસદાર બનાવજો. ઉન્નતિમાં શિખર ઉપર પહોંચવા તમે કરેલ સાચી મહેનતો અને આપેલ ભોગનો બાળકોને અહેસાસ નહીં થાય.

પરંતુ તેમને મહેનતથી ધન કમાવવાની કે સુખી જીવન જીવવા જરૂરી પ્રાપ્તિ માટેના પ્રયાસોની તક આપજો.

માણસ પોતાનાથી બનતા શ્રેષ્ઠતમ વિકાસનો વારસ પુત્રને જુએ છે. તમે વેઠેલ દુઃખ, સંકટો અને પારાવાર મુશ્કેલી તમારા સંતાનોને ન વેઠવી પડે તે માટે તમે વિપુલ વારસો તેને સોંપવા માંગો છો. પરંતુ ખરેખર તો તેના હાથમાં મજબૂત ડાંગ પકડાવાને બદલે કાંખઘોડી આપી રહ્યા છો. આત્મવિશ્વાસ, સ્વાશ્રય અને નિડરતા પ્રાપ્તિની તકો તેના હાથમાં તમે છીનવી રહ્યા છો.

તમે તમારા બાળકો માટે બધું જ કામ કરી આપશો તો ભર યુવાનીમાં તે નિર્બળતા અનુભવશે. તેને હંમેશા મદદ અને ટેકાની ટેવ પડશે તો તમારી ગેરહાજરીમાં તે લાચાર, બિચારો અને દયામણો બની રહી બધા તરફ આજીજી ભરી મીટ માંડતો હશે. અને નિસ્તેજ અને પોતાના પગ ઉપર ઉભો રહેવા તે સક્ષમ નહીં હોય.

માણસના હાથ એટલે જગન્નાથ એવું કહેવાય છે વિશ્વમાં ધનિકો કે સફળ માણસોની યાદી તપાસશો તો સામાન્ય પરિવાર અને ગરીબાઈ તેમનો ભૂતકાળ હશે. માર્ગમાં વિઘ્નો આવવાના જ છે. પરંતુ તે તમામનો હિંમતપૂર્વક પ્રતિકાર એટલે જ સફળતા. શાંત જીવન પસંદ કરનારા જીવનમાં ભાગ્યે જ મહત્વનું કશું કરી શકયા હોય છે.

જે પ્રાપ્ત કરવું છે તેની ઈચ્છા કરવા માંગતાં તે પ્રાપ્ત થતું નથી. તરત જ ઉધમ કરનાર જે મોડા યા વહેલાં તે પ્રાપ્ત થાય જ છે. પ્રયત્ન કરનારને જ ભાગ્ય સાથ આપે છે. લાવરી- બચ્ચાં અને ખેડૂતની વાતથી આપણે ક્યાં અજાણ છીએ ? ખેડૂતે જ્યાં સુધી અન્ય ઉપર આધાર રાખ્યો ત્યાં સુધી પાક લણી ના શક્યો અને સ્વાશ્રયનો સંકલ્પ કર્યો ત્યારે તે ખેતર લણી શક્યો. લાવરીએ કહેલી આ વાર્તા તેનાં બચ્ચાંઓ પૂરતી નહીં સૌ કોઈને ઉપદેશ આપે છે. આજ સુધી થયેલ તમામ મહત્વનાં કાર્યો કે શોધો પાછળ પુષ્કળ પ્રયત્ન, મહેનત અને વિઘ્નોની છાયા જોવા મળશે.

આજની મહત્વની નિષ્ફળતા ગણાય તેવી હાઈપર સોનિક વેવરાઈડર પ્રોજેકટની વાત છે. એક કલાકમાં દિલ્હીથી લંડન અને એક કલાકમાં લંડનથી ન્યૂર્યોક પહોંચતી આ ફ્લાઈટનો પ્રયોગ અત્યારે નિષ્ફળ ગયો છે. પરંતુ આવનાર સમયમાં આપણમાંથી ઘણા આ સફરનો આનંદ લેતાં હોઈશું. તે માટે વૈજ્ઞાનિકો જબરજસ્ત શ્રાશ્રય કરી રહ્યા છે. અનેકવાર નિષ્ફળતા હજુ મળશે છતાં પ્રયત્નમાં સહેજપણ ઓટ આવશે નહીં.

મહાન ગ્રંથો, મહાન કાવ્યો અનેક વખત લખાયા છે, સુધર્યા છે, મઠારાયા છે અને ઘણા લાંબા સમયના અંતે આપણા સુધી પહોંચ્યા છે. વાંચીને રોમાંચીત થતાં કોઈને ભાગ્યે જ આ મહેનતની કલ્પના થતી હશે.

રસ્તા પરની ફાનસે અજવાળે મહાન બનનાર ગોપાલકૃષ્ણ ગોખલેને દુનિયા યાદ કરે છે. આજના યુગનું સુત્ર કહી શકાય એવું વાકય છે કે, 'તમે તમારી જાતને સહાય કરો.'

સુદૃઢ શરીર અને આકર્ષક બાંધો મેળવવા કેટલી કસરત કરવી પડે છે. એ જ રીતે સખત પરિશ્રમ અને સતત પ્રયત્નો કરવાથી માનસિક તથા નૈતિક તાકાતનો વિકાસ થાય છે.

જે વાંચો તે વિચારો અને જે વિચારો તે સમજો. આને લીધે તમારા આત્મબળમાં વધારો થશે અને ધ્યેયપ્રાપ્તિ માટે જરૂરી સ્વાશ્રયની મહેચ્છા પ્રબળ થશે. અને તેને અંતે અનંત સુખની પ્રાપ્તિ થશે. ન ધારેલી સફળતા પ્રાપ્ત થશે.

**સમાપન :**

જીંદગી જખ્મો સે ભરી હૈ, વક્ત કો મલમ બનાના શિખ લો,
હારના તો હૈ મૌત કે સામને, ફીલહાસ જીંદગી સે જીતના શિખ લો.

## આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૯મી ઓગષ્ટ

- વરાળ પર ચાલનારા એન્જિનની શોધ કરનારા વિજ્ઞાની જેમ્સ વોટની પુણ્યતિથિ ૧૮૧૯.

વીજળી શક્તિનું એકમ 'વોટના નામકરણ પાછળ જેમ્સ વોટ'નું નામ લાગ્યું. ૧૮-૮-૧૮૧૯ માં તેમનું અવસાન થયું.

- ગુજરાતના અનન્ય શિક્ષક કરૂણાશંકર ભટ્ટની જન્મજયંતિ. મોતીભાઇ અમીન પાસે રહીને નૂતન શિક્ષણના પ્રયોગો કર્યા. અંબાલાલ સારાભાઇ, કિલાચંદ દેવચંદના સંતાનોનો શિક્ષણ આપ્યું.
- ૧૮૫૦ - ફ્રેન્ચ નવલકથાકાર ઓનરી-દ-બલ્ઝાકનું અવસાન.

# ટાઉન પ્લાનિંગ યોજના અન્વયે મળતી બાંધકામ પરવાનગી અંગે સમજૂતી

## વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી ટી.પી. (ટાઉન પ્લાનિંગ યોજના) મંજૂર ના થવાના કારણે મ્યુનિસિપાલીટી, મહાનગરપાલિકાની હદમાં આવતા ગ્રામીણ વિસ્તારમાં બાંધકામ યોજના અંગે જરૂરી પરવાનગી ના મળતાં આવા વિસ્તારનું વિકાસ અટલી ગયેલ તેમજ શહેરી વિસ્તારને અડીને આવેલ હોવા છતાં ટી.પી. સ્કીમ ના અભાવે, બિલ્ડરો, જમીન ડેવેલોપર્સ તેમજ જમીન માલિકીને પારાવાર નુકશાન ભોગવવું પડતું તેમજ તેમની જમીનના ભાવો ટી.પી. સ્કીમમાં સમાવેશ જમીનના ભાવો કરતાં પ્રમાણમાં ખૂબ જ નીચા (ઓછા) ઉપજતાં આવો અન્યાય જમીન માલિકોને, ડેવેલોપર્સને ના થાય તેમજ મ્યુનિ. મહાનગરમાં સમાવેશ થયેલ વિસ્તારનું પણ શહેરી વિસ્તારના પ્રમાણમાં ઝડપથી ડેવેલોપીંગ થાય. આવાસની (ઘટ) અછત ના અનુભવાય, મધ્યમવર્ગને વ્યાજબી કિંમતે ઘરનું ઘર મળે તેવા શુભ આશયથી ના. ગુજરાત સરકારે નોન ટી.પી. એરિયામાં ડેવલોપમેન્ટ માટે ૪૦ ટકા જમીન કપાત લઇ જે તે પ્લોટ ધારકને બાંધકામની મંજુરી આપવાનો ઠરાવ પસાર કરવામાં આવેલ છે. આવુ નોટીફીકેશન થકી કરવાની કાર્યવાહી રાજ્ય સરકાર અમદાવાદ મહાનગરપાલિકાના ૧૧ થી ૧૨ વિસ્તારોમાં ૮૦૦૦ હેકટર જમીનમાં ડેવલોપમેન્ટ શક્ય બનશે, અને ઝડપી થશે.

રાજ્યની તમામ મહાનગરપાલિકા અને સત્તા મંડળ-મંડળોમાં સમાવેશ થયેલા વિસ્તારોમાં વિકાસ માટે ટાઉન પ્લાનિંગ સ્કીમ ફાઇનલ ના થાય કે પ્રિલીમનરી (પ્રાથમિક) જાહેર ના થાય ત્યાં સુધી વિકાસના કાર્યો અટકી જતાં મુશ્કેલી ઊભી થતી, ઘણી મહાનગરપાલિકાના વિસ્તારોમાં બિલ્ડરોના લાભાર્થે ટી.પી. ફાઇનલ થવાની બાકી હોય તેવા એરિયામાં જે તે પ્લોટમાંથી જમીનમાંથી કુલ ૪૦ % જમીન કપાત સરકાર દ્વારા અન્ય વિકાસ કામો રોડ, રસ્તા, બગીચા માટે લેવામાં આવશે. ત્યારબાદ જરૂરી એન.એ., એનોસી. પ્લાન પાસની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિકાસ પરવાનગી મેળવી ડેવલોપર્સ બાંધકામ કરી શકશે.

નોન ટી.પી. એરિયામાં ૪૦ % જમીન કપાત કરી લીધા બાદ બાંધકામની જોગવાઇથી અમદાવાદ મ્યુ.ની. નવી હદમાં આવેલા શીલજ, બોપલ, ભાડજ, લાંભા, ફતેવાડી, વિશાલપુર, બાકરોલ, કમોડ, સૈજપુર, પીપલજ, વિઝોલ, ગામઠી જેવા વિસ્તારોમાં હજારો એકર જમીન માલિકોને આનો લાભ મળશે. ટૂંક સમયમાં રાજ્યની અન્ય મહાનગરપાલિકા માટે માટે નોટીફીકેશન બહાર પાડવામાં આવશે. ૪૦ % જમીન મળવાથી મ્યુનિસિપાલીટી, મહાનગરપાલિકા પણ આમ પ્રજા માટે સુવિધા, વિકાસના કામકાજ પુરા કરી શકશે.

મોટા ભાગની જમીન હાલમાં બિલ્ડરો, જમીન માફિયાના હસ્તક છે. આવા સમયે જે તે સમયે ૪૦ % જમીન કપાતમાં જવાની હોય હાલમાં જ જમીન આપી ડેવલોપમેન્ટ મંજુરી મેળવવા માટે બિલ્ડરો ચોક્કસ સંમત થશે તેમાં બે મત નથી.

આઠ મહાનગર પાલિકાઓને આનો લાભ મળવો છે. ત્યારે વડોદરા અને સુરતના નોન ટી.પી. એરિયામાં ૪૦ % જમીન કપાત કરી બાંધકામ આપવાના નિર્ણયને હાઇકોર્ટમાં પડકારતા મ્યુનિ. વિસામણમાં મુકાયેલ. આવા બનાવો ભવિષ્યમાં ના બને તે માટે તમામ નગરપાલિકા, મહાનગરપાલિકાઓ માટે એક જ ટી.પી. સ્કીમ અમલમાં આવે તે જરૂરી હોવાથી રાજ્ય સરકાર નોટીફીકેશન બહાર પાડશે.

જો નવી ટી.પી. સ્કીમ અમલમાં આવશે તો જમીનના ભાવો જે આસમાને પહોંચ્યા છે તેમાં બાંધકામના ભાવો નીચા આવશે તેવી આશા દરેકના મનમાં છે. આમ મધ્યમ વર્ગ, તથા ઉચ્ચ મધ્યમ વર્ગને આનાથી ચોક્કસ ફાયદો થશે, તેમાં બે મત નથી. એકબાજુ ભાજપ-કૉંગ્રેસ બંને પક્ષો દ્વારા ગરીબોને માટે આવાસ યોજનાનો ઢંઢેરો પીટવામાં આવે છે. તેવા સંજોગોમાં મધ્યમ વર્ગને આ યોજનાથી ચોક્કસ ફાયદો થશે.